**વ.કો.એન.એફ. નં. ૦૬/૨૦૨૩**

**<u>આંક–૧૨ ની સુધારા અરજી અને આંક–૧૬ ની પક્ષકાર જોડવાની અરજી નીચે સંયુકત હુકમ</u>**

(૧) આ કામે અરજદારપક્ષે આંક–૧૨ થી વળતર અરજીમાં સુધારો માંગતી અરજી કરેલી છે. જેમાં અરજીના વાહન નંબરમાં ભૂલથી જીજે–૧૦ સીપી–૬૪૫૪ લખાઈ ગયેલ હોવાનું જણાવી સાચો નં.જીજે–૩૭ ટી–૯૦૧૩ મુજબનો સુધારો કરવા વિનંતી કરેલી છે. વધુમાં આંક–૧૬ થી અરજી આપીને શિવ રોડ લાઈનના પ્રોપરાઈટર શ્રી સંજય મનસુખભાઈ દત્તાણીને પક્ષકાર તરીકે જોડવા વિનંતી કરેલી છે.

(૨) આ કામે સામાવાળા નં. ૧ તરફે અરજદારની અરજીને સમર્થન કરી તેમની અરજી મંજુર કરવા રજૂઆત કરેલી છે.

(૩) વીમા કંપની તરફે વિ.વકીલશ્રીએ અરજી વિરૂધ્ધ સખત વાંધો લીધેલો છે અને વિસ્તૃત દલીલ કરી અરજી નામંજુર કરવા રજૂઆત કરેલી છે.

(૪) અદાલતનું માનવુ છે કે, આ કામે અરજદારની અરજીઓ, મૂળ અરજી તથા વિ.વકીલશ્રીઓની દલીલોને ધ્યાને રાખીને અરજીઓ અન્વયે અદાલતનું તારણ તથા હુકમ નીચે મુજબ છે.

આ કામે સૌપ્રથમ મૂળ અરજીની વિગતો ધ્યાને લેતા તેમાં જણાવેલુ છે કે, અરજદાર સામાવાળા નં. ૧ સુરેશભાઈ જેરામભાઈ ઈન્દોરીયાના ત્યાં ડ્રાઈવર તરીકે ફરજ બજાવતા હતા અને તેમની વચ્ચે કામદાર–માલિકના સંબંધો ઉત્પન્ન ગયેલા. સામાવાળા નં. ૧ નું વાહન જીજે–૧૦ સીપી–૬૪૫૪ છે. સામાવાળા નં. ૨ રીલાઈન્સ જનરલ ઈન્સ્યોરન્સ કંપની તેની વીમા કંપની છે. અરજદાર તા.૦૮/૧૦/૨૦૨૨ ના રોજ વાહનમાં માલ ભરેલો હતો તે લઈને સામાવાળા નં. ૧ ના વાહન નં. જીજે–૧૦ સીપી–૬૪૫૪

લઈને જતા હતા ત્યારે ધ્રોલ જોડીયાથી એક થી દોઢ કી.મી પહેલા વાહન પલટી મારી ગયેલ હતુ. જેમાં અરજદારને કાંડાના ભાગે ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ થયેલી અને શરીર પર છોલાયેલાની અને મૂઢ મારની ઈજાઓ થયેલી. અરજદારને સૌપ્રથમ પોલીસ ધ્વારા જોડીયા હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવેલા અને ત્યાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર માટે જી.જી.હોસ્પિટલ લઈ ગયેલા હતા. જ્યાં કાંડાના ભાગે તેમનું ઓપરેશન થયેલુ હતુ.

અરજદારે અરજી સાથે આંક–૪ ના દસ્તાવેજી લીસ્ટથી, નિ.૪/૧ થી વાહનની આર.સી. બૂકની નકલ, નિ.૪/૩ થી વીમા પોલીસીની નકલ રજૂ રાખેલી છે. સામાવાળા નં. ૧ તરફે આંક–૧૦ ના દસ્તાવેજી લીસ્ટથી, નિ.૧૦/૧/૧ થી નિ.૧૦/૧/૩ થી તેઓની વેતન ચિઠ્ઠીની નકલો, નિ.૧૦/૨ થી સામાવાળા નં. ૧ જે પેઢીમાં કામ કરે છે તેનું સર્ટીફીકેટ, નિ.૧૦/૩ થી હાજરીપત્રકની નકલ અને નિ.૧૦/૪ થી અનુક્રમે બેંકના સ્ટેટમેન્ટની નકલ રજૂ રાખેલી છે. આ કામે અરજદારે ત્યારબાદ આંક–૧૭ ના દસ્તાવેજી લીસ્ટથી

આ કામે અદાલતનું માનવુ છે કે, અરજદારે આંક–૧૨ થી નવા વાહન નંબર મુજબનો મૂળ અરજીમાં સુધારો કરવા તથા વધુમાં આંક–૧૬ થી સદર વાહનના માલિકને સામાવાળા નં. ૧ તરીકે જોડવા માટે અરજી આપેલી છે. વીમા કંપની તરફે વિ.વકીલશ્રી ધ્વારા સખત વાંધો લેવામાં આવેલો છે તથા તેઓએ આ અંગે મૂળ અરજીની હીકતો તથા સુધારા અન્વયે માંગવામાં આવેલ બાબતો અંગે અદાલતનું ધ્યાને દોરેલુ છે. આ કામે સૌપ્રથમ માંગવામાં આવેલ સુધારો ધ્યાને લેતા કેસની મૂળભૂત હકીકતો જ બદલાય જાઈ તેમ છે. આ કામે અરજદારે તેઓ સામાવાળા નં. ૧ સુરેશભાઈ જેરામભાઈ ઈન્દોરીયાના ડ્રાઈવર હતા તેમ જણાવેલુ. વધુમાં તેમનો વાહન નં.જીજે–૧૦ સીપી–૬૪૫૪ જણાવેલો. પરંતુ ત્યારબાદ આંક–૧૨ ની અરજી આપીને વાહન નંબરમાં સુધારો માંગેલો છે. વધુમાં આંક–૧૭ થી અલગ પક્ષકારને માલિક તરીકે જોડવા અરજી કરેલી છે. આ કામે સામાવાળા

નં. ૧ તરફે અરજદારની અજીને સમર્થન આપી તેમને મુકત કરવા વિનંતી કરેલી છે. આ કામે હકીકતો ધ્યાને લેતા અરજદારે વાહન નંબર તથા માલિકના નામમાં ફેરફાર કરવા દાદ માંગેલી છે. અરજીમાં જણાવેલી હકીકતો તેઓએ શેના આધારે જણાવી તે અંગે કોઈ ખુલાસો કરેલો નથી. આ કામે અરજદાર ડ્રાઈવર તરીકે કામ કરતા હોય અને માલિકનું નામ અને વાહન નંબરની જાણ ન હોય તે શકય નથી. આ કામે વધુમાં અરજદારે આંક-૪ ના દસ્તાવેજી લીસ્ટથી નિ.૪/૧ થી વાહન નં.જીજે-૧૦ સીપી-૬૪૫૪ ની આર.સી.બૂક તથા વીમા પોલીસીની નકલ રજૂ રાખેલી છે. અરજદાર જો સામાવાળા નં. ૧ ને જાણતા ન હોય તો તેઓ આવા દસ્તાવેજો મેળવી શકે નહિ. આ કામે નિ.૪/૧ આર.સી.બૂક ધ્યાને લેતા વાહન નં.જીજે-૧૦ સીપી-૬૪૫૪ મોટરસાઈકલ દર્શાવેલુ છે. જયારે નિ.૪/૩ થી વાહનની પોલીસી ધ્યાને લેતા તે ત્રણ વર્ષની મુદતની તા.૨૪/૦૯/૨૦૧૮ થી તા.૨૩/૦૯/૨૦૨૧ સુધીની હોવાનું દર્શાવેલુ છે. આ કામે અકસ્માત તા.૦૮/૧૦/૨૦૨૨ ના રોજ બનેલો છે. જે ધ્યાને લેતા વાહન નં.જીજે-૧૦ સીપી-૬૪૫૪ મોટરસાઈકલની વીમા પોલીસી અમલમાં ન હતી તેમ જણાઈ આવે છે. અદાલતનું માનવુ છે કે, આ જ કારણસર નવા વાહન નંબર તથા માલિક ઉભા કરી અરજદારે સુધારો માંગેલો છે. આ કામે આંક-૧૨ થી જે નવો વાહન નંબર દર્શાવેલો છે તે ટ્રક છે.

આ કામે સામાવાળા નં. ૧ તરફે આંક-૧૦ ના દસ્તાવેજી લીસ્ટથી જે દસ્તાવેજો રજૂ કરવામાં આવેલા છે તે ધ્યાને લેતા સામાવાળા નં. ૧ પોતે કામદાર તરીકે સુજાતા એન્ટરપ્રાઈઝમાં કામ કરતા હોવાનું જણાઈ આવે છે. આ કામે નિ.૧૦/૪ થી રજૂ પાસબૂકની નકલ ધ્યાને લેતા તા.૦૧/૦૭/૨૦૨૦ થી તા.૦૧/૦૬/૨૦૨૩ સુધી દર મહિને સુજાતા એન્ટરપ્રાઈઝ તરફથી સામાવાળા નં. ૧ ના ખાતામાં જે પગાર જમા થતો હતો તેની નોંધ જણાઈ આવે છે. જે ધ્યાને લેતા સામાવાળા નં. ૧ જયારે પોતે જ કામદાર તરીકે કામ કરતા હોય અને માસિક આશરે રૂા.૧૪,૦૦૦/- થી રૂા.૧૫,૦૦૦/- જેટલો પગાર મેળવતા હોય ત્યારે અરજદારને ડ્રાઈવર તરીકે મોટરસાઈકલ ચલાવવા રાખી માસિક

રૂા.૧૫,૦૦૦/– પગાર આપે તે હકીકત ગળે ઉતરે તેવી નથી. નિ.૧૦/૦૪ ની પાસબૂક ધ્યાને લેતા અરજદારને માહે ઓકટોબર–૨૦૨૨ માં સુજાતા એન્ટરપ્રાઈઝ તરફથી પગાર ચૂકવાયેલાની નોંધ થયેલી છે. પાસબુક એ પાછળથી ઉભો કરી શકાય તેવો દસ્તાવેજ નથી. જે સંજોગોમાં અરજદારે ભળતી હકીકતો ઉભો કરી ખોટી અરજી કરેલાનું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે.

સિવીલ પ્રોસીજર કોડના ઓર્ડર–૬ રૂલ–૧૭ ને ધ્યાને લેતા જયારે અરજીનું મૂળ સ્વરૂપ જ બદલાઈ જાય તેવા સંજોગોમાં સુધારો ગ્રાહય રાખી શકાય નહિ. આ કામે અરજદારે સામાવાળા નં. ૧ ને માલિક તથા વાહન નં.જીજે–૧૦ સીપી–૬૪૫૪ દર્શાવેલા છે. આ કામે અરજદારને તેઓના માલિક તથા વાહન નંબર વિશે જાણ જ હોય. આથી પાછળથી અન્ય વાહન તથા માલિકને પક્ષકાર તરીકે જોડવાની અરજી ગ્રાહય રાખી શકાય નહિ. આ કામે અરજદારની કોઈ શુધ્ધબુધ્ધિ પૂર્વકની ભૂલ હતી તેમ જણાઈ આવતુ નથી. આ કામે આવી કોઈ ભૂલ થવા બાબતેનું કોઈ કારણ જણાવેલુ નથી. હકીકતમાં મૂળ અરજીમાં ભૂલ થયેલી હતી તેમ પણ જણાવેલુ નથી. આ કામે અરજદાર પાસે સામાવાળા નં. ૧ ની આર.સી.બુકની નકલ તથા વીમા પોલીસીની નકલ કેવી રીતે આવી તે હકીકત પણ જણાવેલી નથી. આ કામે સુધારા અરજી ધ્યાને લેતા વાહન નંબર તથા સામાવાળા નં. ૧ માલિક બદલાઈ જતા હોવાથી તેઓ સુધારો કરવામાં આવે તો કેસની મૂળ હકીકતો જ બદલાઈ જાય તથા અરજીનું સ્વરૂપ બદલાઈ જતુ હોવાથી તે ગ્રાહય રાખી શકાય નહિ. આ કામે વધુમાં અરજદારે તેમને પોલીસ હોસ્પિટલ લઈ ગયેલી હતી તેમ જણાવેલુ છે તેમ છતા પોલીસ રેકર્ડ રજૂ રાખેલુ નથી. વધુમાં મેડીકલ હિસ્ટ્રીના કાગળો પણ રજૂ રાખેલા નથી. આ કામે સદર તમામ તારણોને ધ્યાને લેતા અરજદાર શુધ્ધબુધ્ધિપૂર્વક આવેલા નહિ હોવાનું, ખોટી હકીકતોથી અરજી કરેલ હોવાનું તેમજ ગેરકાયદેસર રીતે ભળતી હકીકતો ઉભી કરી સુધારો માંગેલો હોવાનું જણાઈ આવે છે. સુધારો માંગવા અંગેના કોઈ વ્યાજબી કારણો જણાવેલા નથી. અરજદારને વાહનના નંબર તથા માલિકની જાણ ન હોય તેમ માની શકાય

નહિ. આ કામે સુધારો એક માત્ર મોટરસાઈકલ વાહનની વીમા પોલીસી મુદત બહારની અમલી ન હોય તે માટે કરવામાં આવેલાનું સ્પષ્ટ જણાઈ આવે છે.

જે તમામ હકીકતો અને તારણોને ધ્યાને લેતા આંક–૧૨ ની વાહન નંબરમાં સુધારા તથા આંક–૧૬ થી પક્ષકારમાં સુધારાની અરજી નામંજુર કરવી ન્યાયિક અને વ્યાજબી જણાય છે. આ તબકકે અદાલતનું સ્પષ્ટ માનવુ છે કે, તમામ હકીકતો ધ્યાને લેતા અરજદારની મૂળ અરજી ખોટી ઉભી કરેલી તેમજ ત્યારબાદ સુધારા અરજીઓ પણ ખોટી ઉભી કરેલી હોવાનું સ્પષ્ટ જણાઈ આવે છે. મૂળ અરજીના સામાવાળા તથા પક્ષકારમાં સુધારો માંગેલ સામાવાળા અલગ અલગ છે. જે તમામ સંજોગોમાં અરજદારની અરજી હેવી કોસ્ટ સાથે નામંજુર કરવી જોઈએ. તેમ અદાલતનું માનવુ છે. સદર તમામ સંજોગો ધ્યાને રાખીને નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) અરજદારની આંક–૧૨ ની વાહન નંબરમાં સુધારાની તેમજ આંક–૧૬ થી પક્ષકાર જોડવા તથા સુધારાની અરજી નામંજુર કરવામાં આવે છે.

(૨) અરજી ખર્ચ અંગે હુકમ અંતિમ ન્યાય નિર્ણય સાથે કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૦૭ માહે એપ્રિલ સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૦૭/૦૪/૨૦૨૫
જામનગર

(તેજસ જીતેન્દ્રભાઈ પટેલ)
વ.કો. કમિશ્નર
મજૂર અદાલત કોર્ટ નં.૧, જામનગર
યુ.આઈ.કોડ.–જી.જે. ૦૦૯૫૯

મોહીત ઢચા (સ્ટેનો.)